**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૬.૫ ડીગ્રી
લઘુતમ : ૨૨.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૫૬ ટકા

# ઓનલાઈન-ઓફલાઈન વેચાણકારો વચ્ચે સ્પર્ધા

**કોરોનાને કારણે દરેક શ્રેત્રમાં ઓફલાઈન હતી નહિ સાથે ઓનલાઈન ડિસ્કાઉન્ટથી ગ્રાહકો ભરમાય છે તે જોઈ ઓફલાઈન વેચાણકારો પણ લોભામણી ડિસ્કાઉન્ટની જાહેરાત આપી ગ્રાહકોને ખેંચી રહ્યા છે : આ સ્પર્ધામાં ગ્રાહકો સૌથી વધુ ડિસ્કાઉન્ટનો લાભ ઉઠાવશે**

ગાંધીનગર, તા.૧૧
અધિક માસ બાદ તહેવારોની મોસમ શરૂ થશે અને કોરોના કાળ દરમિયાન ઘણા તહેવારો ઉજવાયા નથી અને હજી નવરાત્રીની ઉજવણી તો જાહેરમાં નહીં કરાય ત્યારે દીવાળીના તહેવારની તમામને રાહ છે અને તે માટેની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે ત્યારે હાલ વેચાણકારો વચ્ચે સ્પર્ધા યોજાઈ રહી છે. ઓનલાઈન વેબસાઈટ ઉપર ઈલેકટ્રોનિક, મોબાઈલ, કલોથીંગ અને જવેલરી પર ખાસ ડિસ્કાઉન્ટ સાથે સેલ આવી રહ્યા છે ત્યારે ગ્રાહકો આ તરફ જલ્દી આકર્ષાશે આ જોઈને ઓફલાઈન વેચાણકારોએ પણ ગ્રાહકોને આકર્ષવા માટે ડિસ્કાઉન્ટ, ફ્રી હોમ ડિલીવરી જેવી લોભામણી ઓફરો મુકી છે.

કોરોના સંક્રમણથી કંટાળેલા શહેરીજનોની આર્થિક સંકડામણની વચ્ચે પણ ખરીદી શરૂ થઈ ગઈ છે. રિટેલ દુકાનોમાં તેઓ અવર જવર કરતા નજરે ચઢી રહ્યા છે. નગરના વેપારીઓ તરફથી જણાવાયું છે કે ગયા વર્ષ કરતા ચાલીસેક ટકા ઘરાકી ઓછી છે પણ તેઓને આશા છે કે તહેવારોમાં તે પણ થઈ જશે અને આમેય આ વર્ષે કોરોનાની મહામારી વચ્ચે વેપારને જાળવી રાખવા તથા ગ્રાહકોને આકર્ષવા માટે ડિસ્કાઉન્ટ આપવાની તૈયારી પણ રીટેલર્સ દ્વારા કરવામાં આવી રહી છે. ઈકોમર્સ પણ હાલ આગળ પડતું છે ત્યારે રિટેલર્સ એ તેમનો વેપાર જાળવી રાખવા માટે આકર્ષક ઓફરો સાથે હોમ ડિલીવરીની વ્યવસ્થા પણ રાખવી પડશે.




તહેવારો બાદ લગ્ન સિઝન શરૂ થઈ રહી છે તે ધ્યાનમાં રાખીને પણ ગ્રાહકો ખરીદી કરશે જ. ત્યારે ગ્રાહકોને પોતાને ત્યાંથી ખરીદી કરાવવા માટે આકર્ષવા અર્થે તમામ સેગમેન્ટમાં આકર્ષક ફાઈનાન્સ સ્કિમની ઓફર હવે સામાન્ય બની ગઈ છે અને એક માર્કેટ રિસર્ચ રિપોર્ટ મુજબ જવેલરી, મોબાઈલ તથા ઈલેકટ્રોનીકસની તમામ વસ્તુઓમાં ઝીરો ટકા ફાઈનાન્સની ઓફર દર વર્ષની જેમ આ વર્ષે પણ આકર્ષણનું કેન્દ્ર બની રહેશે.

આ ઉપરાંત અમુક રકમની ખરીદી ઉપર આકર્ષક ગિફટસ અને કેશબેક ઓફર પણ ગ્રાહકો માટે આકર્ષણનું કેન્દ્ર બની રહેશે. હવે આ તમામ આકર્ષક ઓફર્સ ઓનલાઈન અને ઓફલાઈન વેચાણકારો આપશે જ ત્યારે એ જોવું રહ્યું કે ગ્રાહકો ઓનલાઈન કે ઓફલાઈન ઓપ્શન પસંદ કરશે પણ આ સ્પર્ધમાં ગ્રાહકો વધુમાં વધુ ડિસ્કાઉન્ટ કે ઓફર્સનો લાભ ઉઠાવશે.



ગાંધીનગર રાજયનું પાટનગર હોવા છતાં અહીંની ગંદકી એ તંત્ર માટે માથાનો દુઃખાવો છે. સાફસફાઈ માટે લાખોનો ખર્ચ કરવામાં આવે છે. ઘર ઘરથી કચરો ઉઠાવવાની વાત હોય કે આંતરીક માર્ગોની સાફસફાઈનું કામ હોય તંત્ર દ્વારા દાવા મોટા મોટા કરવામાં આવે છે પરંતુ કચરો જયાં ત્યાં પડેલો જોવા મળે છે તે હકીકત છે. ચ-૩ સર્કલ પાસે પડેલો કચરાનો ઢગલો અહીંથી પસાર થતાં તંત્ર વાહકોને કદાચ દેખાતો નથી.

## ચિરવિદાય

- સ્વ. ગાંડાજી છલાજી ઠાકોર, ઉ.વ. ૬૫, જેઠીપુરા, તા. ગાંધીનગર
- સ્વ. શારદાબેન ઉત્તમરાય પંચાલ, ઉ.વ. ૯૪, સેકટર-૨૩, ગાંધીનગર
- સ્વ. પટેલ દશરથભાઈ બેચરભાઈ, ઉ.વ. ૬૮, ઉનાવા, તા.ગાંધીનગર
- સ્વ. પટેલ દિનેશભાઈ વિઠ્ઠલભાઈ, ઉ.વ. ૫૪, હિંમતનગર, જી. સાબરકાંઠા
- સ્વ. ગજજર લીલાબેન સુરેન્દ્રપ્રસાદ, ઉ.વ. ૭૫, વિજાપુર, જી. મહેસાણા



મૈત્રી હેલ્થ એન્ડ રિહેબ ક્લિનિક દ્વારા મહિનાના દર રવિવારે મફત કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત કેમ્પમાં સરગાસણની આજુબાજુના વિસ્તારના લોકોએ આ કેમ્પનો લાભ લીધો હતો. જેમાં ફિઝિયોથેરાપિસ્ટ ડોક્ટર હાર્દિક તલાટી, ડોક્ટર પરેશ વણકર, ડોક્ટર મેઘના પંચાલ, આયુર્વેદિક ડોક્ટર મિલન પટેલ, હોમીયોપેથી ડોક્ટર અર્ચના પટેલ અને નેચરોથેરાપી ડોક્ટર ધરતી પટેલ હાજર રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, આ કેમ્પમાં મફત ઉકાળા વિતરણ તથા ઈમ્યુનિટી વધારવા માટે હોમીયોપેથી દવા વિતરણ અને ડાયાબિટીસ અને બીપી માટે નિઃશુલ્ક ચેકઅપ કરવામાં આવ્યું હતું.

# ગાંધીનગરની અવની મોદીને શોર્ટ ફિલ્મ માટે 'બેસ્ટ એક્ટ્રેસ'નો એવોર્ડ

**ટ્રાફિક અવેરનેસના મુદ્દા પર આધારિત ફિલ્મ 'વોઈસમેલ'ને પણ 'બેસ્ટ ફિલ્મ'ના પ્રમાણપત્ર સાથે ફેસબુક પર અઢી કરોડ દર્શકો પ્રાપ્ત થયા**

ગાંધીનગર, તા.૧૧
ગાંધીનગરની યુવા અભિનેત્રી અવની મોદીએ ગુજરાતી-હિન્દી ઉપરાંત સાઉથ ઈન્ડિયન ફિલ્મોમાં પણ સારી એવી નામના પ્રાપ્ત કરી છે. કેલેન્ડર ગર્લ અવની મોદીને તાજેતરમાં તેમની એક શોર્ટ ફિલ્મ 'વોઈસ મેલ' માટે મદ્રાસ ઈન્ડિપેન્ડન્ટ ફિલ્મ ફેસ્ટિવલમાં બેસ્ટ એક્ટ્રેસના પ્રમાણપત્રથી નવાજવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ફિલ્મને પણ બેસ્ટ ફિલ્મનો ખિતાબ પ્રાપ્ત થયો છે અને ફેસબુક પર તેને ૨.૫ કરોડ દર્શકોએ નિહાળી છે તેવું અવની મોદીએ જણાવ્યું હતું.



મદ્રાસ ઈન્ડિપેન્ડન્ટ ફિલ્મ ફેસ્ટિવલ અંતર્ગત ગત માસે યોજાયેલા મદ્રાસ શોર્ટ ફિલ્મ કોમ્પિટીશનમાં આશરે ૨૦થી વધુ ફિલ્મોએ વિવિધ કેટેગરીમાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં અવની મોદી અભિનિત 'વોઈલ મેલ' ફિલ્મનો પણ સમાવેશ થયો હતો જેને 'બેસ્ટ ફિલ્મ' તરીકે પસંદ કરવામાં આવી હતી. આ ઉપરાંત આ ફિલ્મની મુખ્ય અભનેત્રી અવની મોદીને શ્રેષ્ઠ અભિનેત્રી એટલે કે 'બેસ્ટ એક્ટ્રેસ' તરીકે નવાજવામાં આવી છે. 'વોઈલ મેલ' હિન્દીમાં બનેલી શોર્ટ ફિલ્મ છે જેની લંબાઈ ૧૩ મિનીટ છે અને આ ફિલ્મના કથાનકનો મુખ્ય વિષય 'ટ્રાફિક અવેરનેસ' અંગેનો છે. આ ફિલ્મને યુ ટયુબ અને ફેસબુક જેવા સોશિયલ મિડીયાના પ્લેટફોર્મ પર અદભૂત પ્રતિસાદ સાંપડયો છે અને ફેસબુક પર ફિલ્મને ૨.૫ કરોડ દર્શકો પ્રાપ્ત થયા છે. મદ્રાસ ઈન્ડિપેન્ડન્ટ ફિલ્મ ફેસ્ટિવલ દ્વારા તા. ૯મી ઓકટોબરે કોવિડ-૧૯ ગાઈડલાઈન અનુસાર ઓનલાઈન યોજાયેલા એવોર્ડ વિતરણમાં 'વોઈસ મેલ'ને બેસ્ટ ફિલ્મ અને અવની મોદીને 'બેસ્ટ એક્ટ્રેસ'ના ઈ-પ્રમાણપત્રથી નવાજવામાં આવી છે. આ ફિલ્મ નિર્માતા પરેશ દવે દ્વારા બનાવાઈ છે અને ફિલ્મના કોપી રાઈટસ ઝી મ્યુઝિક પાસે છે.

# યુવાનોને ઉપગ્રહ બનાવવા માટે પ્રોત્સાહિત કરવા સાથે 'વર્લ્ડ સ્પેસ વીક'ની ઉજવણીનું સમાપન

ગાંધીનગર, તા.૧૧
ગુજરાત કાઉન્સિલ ઑન સાયન્સ એન્ડ ટેકનોલોજી-ગુજકોસ્ટ, સાયન્સ સિટી, સ્પેસ એપ્લીકેશન સેન્ટર -એસએસી-ઈસરો અને પ્લાઝમા રિસર્ચ લેબોરેટરી-પીઆરએલ દ્વારા સંયુક્ત ઉપક્રમે તસ. ૪થી ઓક્ટોબરથી ૧૦મી ઓક્ટોબર સુધી 'વિશ્વ અવકાશ સપ્તાહ'ના ઉજવણીના ભાગ રૂપે વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે ઓનલાઈન કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. સપ્તાહના અંતિમ દિવસે ઉપગ્રહો, સંશોધન અને તાલીમ સુવિધાઓ બનાવવાની તકો વિશે એક વિશેષ વેબિનાર સત્ર યોજાયું હતું.

'વર્લ્ડ સ્પેસ વીક'ની ઉજવણીના સમાપને એસએસી-ઈસરોના નામાંકિત વિજ્ઞાનીઓએ એસ.ટી.ઈ.એમ. વિષયના વિદ્યાર્થીઓને ઈસરો મિશનમાં ભાગ લેવાની અને અવકાશ તકનીક શીખવા માટે ઉપલબ્ધ ભાવિ વિવિધ યોજનાઓ અને અવકાશ વિજ્ઞાનીઓ અને ટેક્નોલોજિસ્ટ્સને મોરચા પર દોરી જવાની તૈયારી કરવા માટે ઉપલબ્ધ તકનીકીઓ વિશે વિસ્તૃત રજૂઆત આપી ચર્ચા કરી હતી. સમાપન સત્રમાં આ ક્ષેત્રના ભાવિ ઉદ્યોગસાહસિકોનો વિકાસ કેવી રીતે કરવો, તે દેશની અંદર વપરાશ માટે વિકસિત, બનાવટી, પરીક્ષણ, અવકાશ તકનીક પેટા સિસ્ટમો અને એકમોની રચના તેમજ વિશ્વ બજારમાં હરીફ બનવા માટે પણ ચર્ચા કરી કરવામાં આવી હતી.

આ પ્રસંગે એસ.એ.સી.એસ.-ઈ.સ.રો.ના સહયોગી નિયામક નિલેશ એમ. દેસાઈએ જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક વર્ષોમાં અનેક યુનિવર્સિટીઓ / શૈક્ષણિક સંસ્થાઓએ ઈસરોના અંતરિક્ષ કાર્યક્રમોમાં તેમજ ટેકનોલોજી વિકાસ પ્રવૃત્તિઓમાં ભાગ લીધો છે, તેમ છતાં આ સંખ્યા પ્રોત્સાહક નથી. તેમણે વિદ્યાર્થી અને અધ્યાપકોને વિનંતી કરી કે ટૂંક સમયમાં જ વિદ્યાર્થી ઉપગ્રહની રચના કરવાના સ્વપ્નને પૂર્ણ કરવાની તકને ઝડપી લેશો.




આ પ્રસંગે એસ.એ.સી.-ઈસરોના વરિષ્ઠ વિજ્ઞાની ડો.આશા છાબરાએ સ્પેસ એપ્લીકેશન સેન્ટરમાં સંશોધન તકો અને પદ્ધતિઓ વિશે વિસ્તૃત રજૂઆત આપી હતી, જે ફક્ત તકનીકી લક્ષ્યો પ્રાપ્ત કરવા માટે જ બનાવવામાં આવી નથી, પરંતુ યુવા સંશોધન વિદ્વાનો અને ઈજનેરોને શીખવાની તકો પૂરી પાડવા માટે પણ બનાવવામાં આવી છે જે અવકાશ વિજ્ઞાન અને ટેક્નિકમાં તેમની કારકિર્દી વધારશે. સિનિયર સાયન્ટિસ્ટ અને ગ્રુપ ડિરેક્ટર ચિરાગ પી દિવાને એસએસી-ઈસરો ખાતે સ્ટેમ વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ તાલીમ અને વિદ્યાર્થીઓની ઈન્ટર્નશિપ સુવિધાઓ વિશે ખાસ ચર્ચા કરી હતી. પીઆરએલના એકેડેમિક સર્વિસીસના વડા ડો.ભૂષિત વૈષ્ણવે પણ પીઆરએલ પર ઉપલબ્ધ વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટેની તાલીમ અને સંશોધન તકો અને તેમની કારકિર્દી અને ભાવિ માટેના પગથિયા તરીકે આ તકોનો કેવી રીતે વિદ્યાર્થીઓ ઉપયોગ કરી શકે છે તેની વિગતવાર રજૂઆત આપી હતી. રાજ્યભરમાંથી એન્જિનિયરિંગ કોલેજો, યુનિવર્સિટી વિભાગના એક હજાર જેટલા વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ વેબિનાર સત્રમાં સક્રિયપણે ભાગ લીધો હતો અને અવકાશ વિજ્ઞાનની કારકિર્દી શરૂ કરવા અને તેમના સ્વપ્નને પરિપૂર્ણ કરવા માટે વિદ્યાર્થી ઉપગ્રહની રચના કરવા અંગેના તેમના પ્રશ્નોના જવાબ આપ્યા હતા. આ ભાગ રૂપે ઘણી સંસ્થાઓને અવકાશ તકનીકમાં શિક્ષણ રજૂ કરવામાં રસ હતો અને ત્યારબાદ અંતરિક્ષ વિજ્ઞાન અને વિદ્યાર્થી ઉપગ્રહો તેમજ વિકસિત પેલોડની રચના કરી હતી. કોવિડ ૧૯ રોગચાળાની પરિસ્થિતિ વચ્ચે વિશ્વ અવકાશ સપ્તાહની ઉજવણીથી સમગ્ર દેશમાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકોમાં અવકાશ વિજ્ઞાન અને ટેકનિકનું મહત્વ વધ્યુ છે અને વિદ્યાર્થીઓને તેમાં જોડાવવા માટેના સત્રમાં ઉપગ્રહો, તેનો ઉપયોગ અને માળખું અને સંભવિત કાર્યક્રમોની સમજ આપવામાં આવી હતી. ગુજકોસ્ટના સલાહકાર ડો. નરોત્તમ સાહુએ જીવન સુધારવામાં તેનું મહત્વ વ્યક્ત કરી આવનારા દિવસોમાં સંભવિત બહુ-દિવસીય પ્રવૃત્તિઓમાં ભાગ લઈ વિદ્યાર્થીઓ ઈસરો એન્જિનિયરિંગના માર્ગદર્શનથી મોડેલ સેટેલાઈટની રચના, નિર્માણ, પરીક્ષણ અને સુધારણા માટે ઈજનેરી ડિઝાઈન પ્રક્રિયાનો ઉપયોગ કરશે એમ તેમણે જણાવ્યું હતું.

# આવ્યો કેવો કોરોના કાળ, ડૉકટર્સ-કલાકાર પાડી રહ્યાં એકબીજા પર પસ્તાળ..!!

**નવરાત્રીમાં ગરબાને મંજૂરી મુદ્દે તબીબોના અભિપ્રાયથી કલાકાર વર્ગમાં નારાજગી : આપસી મતભેદમાં બંને પક્ષે આપેલું મહત્વનું યોગદાન વિસરાયું**

ગાંધીનગર, તા.૧૧
નવરાત્રી એટલે માત્ર ગુજરાતની ઓળખ જ નહી પરંતુ ગુજરાતીઓનો જાણે આખા વર્ષનો ઉત્સાહ અને ઉમંગ. છેલ્લા કેટલાક દિવસથી રાજય સરકાર દ્વારા કોરોના મહામારીના સમયમાં નવરાત્રીની ઉજવણીની મંજૂરી આપવામાં આવશે કે કેમ તે અંગે સસ્પેન્સ ઉભું કરવામાં આવ્યું હતું તે તાજેતરમાં એક ગાઈડલાઈન જાહેર કરીને દૂર કરવામાં આવ્યું છે. જેમાં ખાનગી કે જાહેર શેરી ગરબાના આયોજન પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે અને માત્ર પરંપરાગત ગરબીના સ્થાપન સાથે માત્ર માતાજીની પૂજા આરતીની તે પણ અમુક ચોકકસ નિયમોના પાલનને આધારિત મંજૂરી આપવામાં આવી છે. રાજય સરકારના આ નિર્ણય પાછળ કેન્દ્ર સરકારની જાહેર ધાર્મિક ઉત્સવો ઉજવવા માટેની માર્ગદર્શિકા તથા આરોગ્ય વિભાગની ચેતવણીભરી સલાહ જવાબદાર હોય તેવું સ્પષ્ટ જણાય છે. નવરાત્રીના આયોજન મુદ્દે ઘણા દિવસોથી સોશિયલ મિડીયા પર પણ ચર્ચાઓ ચાલી રહી હતી જેમાં રાજય સરકારની જાહેરાત સાથે કેટલાક તબીબોએ વ્યકત કરેલા મતને કારણે રાજયભરના ગાયક કલાકારો-સંગીતકારો




સહિત નવરાત્રી સાથે સંકળાયેલા વ્યવસાયિકો ભડકી ઉઠયા છે અને હવે બંને પક્ષ સામસામે દલીલબાજી પર ઉતરી આવવા સાથે કેટલાક કલાકાર મંડળોએ તબીબો સામે ધરણાં યોજવા સુધીની ચિમકીઓ ઉચ્ચારી દીધી છે જેના કારણે પરિસ્થિતિ વણસવા પામી છે અને વાત સમાજના દરેક વર્ગે સાથે મળીને મહામારી સામે લડવાના સંપને જાળવવાથી ફંટાઈને એકબીજા સામે ધંધાકીય આક્ષેપબાજી તરફ વળી જવા પામી છે.

નોવેલ કોરોના વાયરસ સંક્રમણે સમગ્ર વિશ્વને ભરડામાં લીધું ત્યારથી આખી દુનિયાએ અગાઉ કયારેય જોઈ-અનુભવી ના હોય તેવી પરિસ્થિતિઓ પેદા થઈ રહી છે. ભારતમાં છેલ્લા સાતેક માસથી ચાલી રહેલા કોરોના કાળમાં પણ અનેક પ્રકારના અનુભવો પ્રાપ્ત થયા છે અને હજુ તો આ સ્થિતિ કયાં સુધી ચાલશે તેનો અંદાજ બાંધવો મુશ્કેલ જણાય છે. કોરોના વાયરસ સંક્રમણની શૃંખલાને તોડવા માટે પ્રારંભિક તબક્કે જે લોકડાઉનનો વિકલ્પ અપનાવાયો તેની આડઅસરો અર્થતંત્ર પર ઘેરી પડી અને મોટાભાગના વેપાર-ધંધા-વ્યવસાય ઠપ્પ થઈ જવા પામ્યા જેને કારણે ખાસ કરીને મધ્યમ અને ગરીબ વર્ગની આજીવિકા અટવાઈ પડતાં અત્યંત ચિંતાજનક સ્થિતિ પેદા થવા પામી. આ કારણે સરકારે ના છૂટકે તબક્કાવાર અનલોકનો વિકલ્પ અપનાવવો પડયો અને અત્યાર સુધીમાં મોટાભાગના વેપાર-ધંધા ચોકકસ નિયમોને આધિન શરૂ થઈ જવા પામ્યા છે. જો કે હજુ સુધી મનોરંજન ક્ષેત્રે સરકાર દ્વારા છાશ ફુંકી



ફુંકીને પીવાનો અભિગમ જોવા મળી રહ્યો છે. આ દરમિયાન ગીત-સંગીત-અભિનય વગેરે સાથે સંકળાયેલા હજારો કલાકારો-વ્યવસાયકો તેમની આજીવિકાથી વિમુખ થઈ જવા પામ્યા છે જેનો અનુલક્ષીને રાજયના વિવિધ કલાકાર મંડળો દ્વારા નવરાત્રીમાં ગરબાના આયોજનને મંજૂરી આપવા સરકાર સમક્ષ વારંવાર દરખાસ્ત કરવામાં આવી હતી કેમ કે રાજયના અંદાજે ૫ હજાર જેટલા કલાકારો જેઓ ગીત સંગીત સાથે સંકળાયેલા છે તેમના માટે નવરાત્રી એ સૌથી મોટી 'સીઝન' હતી જેના થકી તેઓ લોકડાઉનના નુકશાનનું વળતર પામી શકે તેવી અપેક્ષા હતી.

એક તરફ કલાકાર મંડળો દ્વારા સરકાર પર નવરાત્રીમાં ગરબાની છૂટ આપવા દબાણ બનાવાઈ રહ્યું હતું ત્યારે બીજી તરફ અમદાવાદ મેડીકલ એસોસિએશને નવરાત્રીમાં ગરબાની છૂટ અપાશે તો કોરોના સંક્રમણનો એવો રાફડો ફાટી શકે જેને પછી નિયંત્રણમાં લેવો મુશ્કેલ બની જશે તેવી શકયતા વ્યકત કરતા પત્ર લખીને ગરબાની મંજુરી આપવા સામે ચેતવણી ઉચ્ચારી હતી. આ પત્રના પગલે રાજયભરના કલાકારોમાં રોષ ફેલાયો અને નિર્માતા-નિર્દેશક અભિલાષ ઘોડાએ ગરબાને મનોરંજન નહી કલાકારો માટે આજીવિકા હોવાનું જણાવતા તબીબોના અભિગમનો વિરોધ કર્યો. જો કે આ દરમિયાન તેઓએ ડોકટરોના અભિપ્રાયને તેમનો મહામારી સંદર્ભે મત વ્યકત કરવાનો અધિકાર હોવાનું અવગણીને ડૉકટરોની કામગીરી સામે સવાલ ઉઠાવ્યા. આ પછી સોશિયલ મિડીયા પર તબીબો અને કલાકારો વચ્ચે જાણે રીતસરનું યુધ્ધ છેડાઈ ગયું હોય તેવો માહોલ સર્જાઈ ગયો અને વાત એટલી વણસી કે બબલુ અમદાવાદી સહિતના કેટલાંક કલાકારોએ તો ડોકટરોના ઘર અને કિલનિક બહાર ધરણાંના કાર્યક્રમો કરવા સુધીની ચિમકી ઉચ્ચારી દીધી છે એટલું જ નહી ડોકટરોને કોરોનાના દર્દીઓની મફત સારવાર કરો તો અમે નવરાત્રીમાં ગરબા નહીં કરીએ તેવા પડકારો પણ કલાકારો દ્વારા ફેંકવામાં આવ્યા હતા. આ દરમિયાન સરકારે ગાઈડલાઈન જાહેર કરીને નવરાત્રીમાં ગરબાને મંજૂરી આપવાનું ટાળતા કલાકારોનો રોષ વધુ ભભુકી ઉઠયો છે અને અગ્રણી ડોકટરોને કલાકાર વિરોધી કરાર આપી દેવામાં આવી રહ્યો છે. બંને પક્ષો વાદવિવાદમાં બંને વર્ગનું યોગદાન વિસરાવી દેવાયું છે. સામસામી આક્ષેપબાજીમાં વાત હવે આડા પાટે ચઢી રહી છે તેવું પ્રતિત થઈ રહ્યું છે.

સમગ્ર કોરોના કાળ પર નજર કરીએ તો સાત મહિનથી તબીબો આ મહામારીમાં જીવના જોખમે કાર્ય કરી રહ્યા છે અને આ દરમિયાન અંદાજે ૧૧૯ ડોકટર્સ સહિત ૪૦૦ જેટલાં મેડીકલ સ્ટાફે પોતાનો જીવ ગુમાવ્યો છે. સ્વાભાવિક રીતે જ આરોગ્ય વિષયક વિપદા હોવાથી તબીબોનો અભિપ્રાય મહત્વનો હોય અને તેમાં તેમને કલાકારો સામે કોઈ અંગત અણગમો સામેલ ના હોઈ શકે, બીજી તરફ કલાકારો આ સાત મહિનામાં અગાઉ કયારેય જોઈના હોય તેવી વિકટ પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે. મોટા ભાગના વેપાર-ધંધા શરૂ થઈ જવા છતાં તેમના પરિવારો માટે હજુ પણ આજીવિકાના ઠેકાણાં નથી પડયાં, આમ છતાં અનેક કલાકારોએ માત્ર સરકારને જ નહી પરંતુ સ્વૈચ્છિક રીતે પણ કોરોના સામે જાગૃતિ ફેલાવવામાં ખૂબ મહત્વનું યોગદાન આપ્યું છે અને નવરાત્રીની 'સીઝન' ગુમાવવી એટલે ઘણા માટે કોફિનમાં અંતિમ ખીલ્લો ઠોકવાની જેમ આપઘાત કરવો પડે તેવી સ્થિતિ સર્જાશે તેવો કલાકાર મંડળોનો ભય ખોટો પણ નથી. આ સ્થિતિમાં બંને પક્ષે વિવેકથી વિચાર કરી વર્તન કરવા સાથે સરકારે પણ કલાકારોના હિતને ધ્યાનમાં રાખી વચલો માર્ગ શોધવો રહ્યો.

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com